R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-23 • ISSUE: 21 DATE: 24-05-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## ગુજરાતમાં સહુપ્રથમવાર એક મહિલા શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી બન્યા



ગુજરાતના સહુ પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલે શપથ ગ્રહણ કર્યા.તેમણે શપથવિધિ બાદ જણાવ્યું હતું કે ગુજરાતની તમામ મહિલાઓ એવું મહેસુસ કરી રહી છે કે તેઓ શસક્ત બની છે.કારણકે એક મહિલા ગુજરાતની સૌથી મોટી પોસ્ટ ઉપર નિયુક્ત થઈ છે.બહુ ઓછા પક્ષો મહિલાઓને તેમના નેતા તરીકે ચુંટે છે.ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતને એક મહિલા મુખ્યમંત્રી આપ્યા છે.તેથી ગુજરાતની તમામ મહિલાઓએ પોતાને મુખ્યમંત્રી હોવાનું મહેસુસ કરે છે.તેમની શપથ વિધિ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર ખાતે આયોજિત કરવામાં આવી હતી ત્યાર બાદ તેમણે મીડીયાને સંબોધન કર્યું હતું. તેઓ ૭૩ વર્ષના મહિલા છે અને ભારતના વડાપ્રધાન પદે શ્રી નરેન્દ્ર મોદીની નિયુક્તી થતાં,મોદીની સરકારમાં મહેસુલ મંત્રી તરીકે કાર્ય કરી રહેલા આનંદીબેનને મુખ્યમંત્રી તરીકેનો હવાલો સોપાયો છે.ભારતીય જનતા પાર્ટીએ શ્રીમતી આનંદીબેન પટેલને લોકો માટે કાર્ય કરવાનો હવાલો સોપ્યો છે.અને તેથી તેમણે તેમની જવાબદારી ઉઠાવવાની છે. તેમણે કહ્યું હતું કે આ એક મોટી જવાબદારી છે. અને હું આ જવાબદારી પુરી કરવા માટે કાર્ય કરીશ.

મુખ્યમંત્રી તરીકે શપથ લઈ રહેલ શ્રીમતી આનંદીબેન પટેલના નજીકના કુટુંબીજનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે હાજર રહેલ તેમની પુત્રી અનારે જણાવ્યું હતું કે અમારે માટે આ ગર્વ લેવાનો સમય છે.મારી માતાએ ભુતકાળમાં તેમને સોપવામાં આવેલ કામગીરી સફળતાપુર્વક નિભાવી છે.તેથી તેમને આ તક મળી છે. તેમના પતિ શ્રી મફતલાલ પટેલે જણાવ્યું હતું કે મારા માટે અને મારા કુટુંબ માટે પણ આ ગર્વ લેવાની ઘડી છે.અમો બધા ઘણા ખુશ છીએ. અમો ઈચ્છીએ છીએ કે તેણી નરેન્દ્ર મોદીજીએ આરંભેલ ગુજરાત માટેનું કામ આગળ ધપાવશે. અને ગુજરાતનો વિકાસ કરશે. રાષ્ટ્રીય સ્તરે કોગ્રેસે પણ મહિલાઓને ઉચ્ચ પદો પર તક આપી છે. જ્યારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ સહુ પ્રથમ વાર ઉચ્ચ પદ પર મહિલાને તક આપી છે.

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી થનાર શ્રીમતી આનંદીબેન પટેલને અમારા તરફથી પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવવવામાં આવે છે.ગુજરાતના વિકાસને સતત પ્રેરકબળ આપીને વધુ વેગવાન બનાવે અને મોદીજીએ કરેલ દિશાસુચનને જાળવી રાખે તેવી સહુ કોઈ અપેક્ષા રાખે છે.હવે તો ગુજરાતના લાડીલા નેતા વડાપ્રધાન પદ પર બેસસે ત્યારબાદ ગુજરાતને અન્યાય થાય છે તે શબ્દો ભુતકાળ બની જશે.ગુજરાતની વધુ પ્રગતિ માટે ગુજરાતના નવા મુખ્યમંત્રીશ્રીને હવે કોઈ રોકી શકે તેમ નથી.ગુજરાતનો વિકાસ અને દેશનો વિકાસ સાથે શક્ય બને તે જરુરી છે.



## ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે નરેન્દ્ર મોદીને ચુંટણીમાં જીતવા બદલ અભિનંદન પાઠવ્યા

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીને ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે ભારે જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.નરેન્દ્ર મોદીનો વિકાસનો મુદ્દો સાચો ઠર્યો હતો.આ મુદ્દો એક એવો મુદ્દો હતો કે જે મુદ્દાને ૨૦૧૪ની ચુંટણીમાં અગત્યનો મુદ્દો માનવામાં આવે છે.અને આ મુદ્દા પર મતદારો ધર્મ કે જાતિને વચ્ચે લાવ્યા વગર સ્વીકાર્યો હતો. ૧૦૦ મીલીયન યુવા મતદારોએ ધર્મ કે નાતજાતના ભેદ પાડ્યા વગર મોદીના વચનો પર વિશ્વાસ રાખીને તેમને તક આપી અને દેશને આર્થિક રીતે શસક્ત કરવા માટે પુરતી મજબુતાઈ બક્ષી.ફુગાવો અને ભાવવધારાએ ગ્રામીણ મતદારોને નાખુશ કર્યા હતા.મોટા ભાગના ભારતીય મતદારો આ ફુગાવાની પરિસ્થિતિમાં અકળાઈ ગયા હતા.કારણકે તેમની વ્યક્તિગત આવક આ ફુગાવા અનો ભાવવધારાનો સામનો કરવા અસમર્થ હતી.

ખાસ કરીને ખ્રિસ્તી સમાજ જે હંમેશા વિકાસ માટે તેમજ એકતા માટે કાર્ય કરે છે.તેમજ પીડીતોના ઉત્થાન માટે સતત સક્રિય રહે છે તેઓ પણ માને છે કે કાસ્ટનો મુદ્દો ભારતીય સમાજ માટે મહત્વનું કાર્ય કરે છે.આ ચુંટણીમાં પ્રથમ વાર ઓબીસીના ઉમેદવાર અને વડાપ્રધાન તરીકે નામાંકિત થયેલ વ્યક્તિનું સ્વાગત છે.કારણકે વિકાસએ સતત લાંબી પ્રક્રિયા છે અને તે દ્વારા સામાજીક પરિવર્તન આવે છે.કાઉન્સીલ નરેન્દ્ર મોદી જેઓ પોતે નમ્ર રીતે પોતે પછાત જ્ઞાતિના છે તે સ્વીકારે છે તેને માન આપે છે.મોદીનું ઉત્થાન આટલી મોટી પદવી હાંસલ કરવા માટે ત્યારે જ શક્ય બન્યું છે અને તેનો યશ ડો.બી.આર.આબેડકર અને મહાત્મા ફુલેને જાય છે.તેઓએ દલિત બહુજન સમાજને માટે મોટી આશાઓ આપી હતી.

ભારતમાં હવે નવા ખ્રિસ્તી સમાજનો ઉદય થયો છે અને તેનો વિસ્તાર પણ વધ્યો છે.અને તેઓ દેશના વિવિધ વિસ્તારોમાં વસે છે.તેમજ દેશના વિકાસના અગત્યના ભાગમાં ભાગ ભજવે છે અને પોતાનો ફાળો આપે છે.અને તેઓએ પણ ચુંટણીમાં અગત્યનો ભાગ ભજવ્યો છે.નવો ખ્રિસ્તી સમાજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને તેમની સરકાર પાસે અપેક્ષા રાખે છે કે તમામ ધર્મો અને કોમોને સાથે રાખીને દેશનું સાચી રીતે ઘડતર કરે.સાથે સાથે ખ્રિસ્તી સમાજ એવું પણ ઈચ્છે છે કે કટ્ટરવાદી વિચારધારમાં માનતા લોકોને સરકારથી દુર રાખવામાં આવે.અને એવું ઈચ્છા ધરાવવામાં આવે છે કે ખ્રિસ્તીઓ વિરુધ થતી હિંસાઓને તિલાંજલી આપવામાં આવે,જે તાજેતરના વર્ષોમા બનતી રહી છે.ખ્રિસ્તીઓ વિદેશી પણ નથી અને દેશ વિરોધી તત્વો પણ નથી.ખ્રિસ્તી સમાજને શાંતિપુર્વક આ દેશમાં રહેવા દેવામાં આવે અને તેમના ધર્મનું સ્વતંત્ર રીતે પાલન કરવા દેવામાં આવે.

ભારતીય જનતા પાર્ટીની સરકાર બનશે તેમાં કોઈ શક નથી પરંતુ જે વિચારસરણી મોદી ધરાવે છે તે કદાચ પાર્ટીની વિચારસરણીથી અલગ હોઈ શકે છે.ખ્રિસ્તી સમાજની આશા છે કે દેશમાં શાંતિ અને ભાઈચારાનો વિકાસ થાય અને દેશમાં જે આર્થિક સંકટ ઉભું થયેલ છે તેમજ મોધવારી વધેલ છે તેનો અસરકારક હલ શોધવામાં આવે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના નવા મુખ્યમંત્રીશ્રી તરીકે ગુજરાતના મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને નીમ્યા છે. સહુ પ્રથમવાર ગુજરાતની ગાદી પર એક મહિલા મુખ્યમંત્રી બિરાજશે તે ગુજરાત માટે ગૌરવ પ્રદાન કરવા જેવી બાબત છે.શ્રીમતી આનંદીબેન પટેલ,ગુજરાતના ભુતપુર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીજીની સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે મહેસુલ વિભાગનો હવાલો સંભાળતા હતા.અને છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ તેમની સરકારમાં મોભી તરીકે ગણાતા હતા.ગુજરાતની મુખ્યમંત્રીની ગાદી ઉપર અને તર્કવિતર્ક બાદ એક મહિલા મુખ્યમંત્રીની નિમણુંક થતાં, એક બાબત સ્પષ્ટ બની છે કે નરેન્દ્ર મોદી વધુ એક વાર રાજકીય મેદાનમાં પોતાનો હુકમ સર કર્યો છે.

ઘણા બધા તર્ક વિર્તકો ચાલી રહ્યા હતા અને રાજકીય રીતે લોબીંગ પણ ચાલતું હશે.લોકોના મનમાં ભાજગંડોનો દોર ચાલુ રહ્યો.અનેક નેતાઓના નામો ચર્ચાતા રહ્યા પરંતુ આનંદીબેન છેલ્લે મેદાનમાં વિજયી બન્યા.ગુજરાતના વિકાસનો પાયો જે નંખાયો છે તેની ગાડીને પુરપાટ દોડાવવાની છે.હવે કેન્દ્રમાં પણ ગુજરાતના નેતા અને વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીજી છે.અને તેથી ગુજરાતને વિકાસના મામલે અન્યાય થાય છે અને ફંડ ઓછા મળે છે તે બાબતો ની ચર્ચાનો અવકાશ રહેશે નહિ.વિકાસ માટે ચારેબાજુના દરવાજા ગુજરાત માટે ખુલી જશે અને આનંદીબેનને હવે વધુ તેજીથી વિકાસ કરવાની તક મળશે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

અનુ. પાન નં. ૪ નું ચાલુ

છે. એમાં લાખ પ્રયત્ન કરવાં છતાંય કોઈ જ ફેરફાર થતો નથી.જે બનવાનુ છે એ બનેલુ જ છે.આપણે એમાં એક કઠપુતળીની ભુમિકા ભજવવાની છે.છતાંય આપણે એ કરીએ છીએ અથવા એ મારા દ્વારા થાય છે, એવા ભ્રમમાં હોઈએ છીએ.જીંદગીનુ બીજુ નામ છે સંયોગ.માણસ કેવા સંયોગમા ક્યાં મળે છે, એ કહી શકાય નહી.જીવનની કેડી પર ક્યાંક ને ક્યાંક હમસફર મળી જ જતા હોય છે.સંયોગ સિવાય કશુ મળી શકતુ નથી.કોઈ સારા સંયોગ મળી આવે તો માણસ આસમાને પહોચી જાય છે.જો ખરાબ સંયોગ આવે તો આસમાને વસનારો ધરતી પર આવી જાય છે .સંયોગ થવાનો હોય તો ઘડીના છઠ્ઠા ભાગમાં થાય છે. ન થવાનો હોય તો વરસોના વરસો વહી જાય છે. સંયોગ માણસને ઘડે છે.નડે છે.સંયોગ શીખવે છે. સંયોગ ક્યારેક જીવાડે છે કે મારે છે

પ્રત્યેક સંયોગમાં જીવન જીવવાના માર્ગનો ઈશારો હોય છે.અથવા તો આપણા નાશની નિશાની હોય છે. સંયોગમાંથી જ આપણે શીખવાનું છે.તે જ્યાં લઈ જાય ત્યાં જવાનુ છે.જે થાય તે સારા માટે થાય છે તે આશ્વાસન લેવાનુ હોય છે. ( ડો.કિશોરસિંહ સોલંકી,સંદેશ)

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૦)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૧૪ | એમએસડબલ્યુ,એમબીએ(એચઆર)લંડન | ૧-૪-૮૫ | - | સીએનઆઈ | કુંવારા |
| ૩૧૫ | બીઈ(મીકેનીકલ) | ૨૦-૧૨-૭૮ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૬ | ડીપ્લો.ઈલે.એન્જી.બીબીએ(લંડન) | ૧૧-૬-૮૬ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૩૧૭ | બીઈ કોમ્પ્યુ.એન્જી. | ૨૩-૧૦-૮૫ | ૬૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૮ | એમસીએ | ૨૧-૯-૮૩ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૯ | એમએસસી,માઈક્રો.બીસીએ કોમ્પ્યુ. | ૨૫-૧-૮૦ | ૨૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૦ | ૧૨પાસ,હાર્ડ,નેટ કોમ્પ્યુ.ડીપીપીપીજીડીએમ. ડીસીએ,ઓફીસ મેનેજમેન્ટ કોર્ષ | ૨૮-૩-૮૭ | ૧૦૫૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૧ | બીકોમ.ડીપ્લો.ઈન્ડ્ર.મટી.મેનેજમેન્ટ | ૧૬-૧૦-૮૩ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૨ | એમસીએ,એમએસસી(આઈટી) | ૨૪-૨-૯૦ | ૨૪૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૩ | બીએસસી.કેમેસ્ટ્રી પીજીડીસીએ,આઈબીએમ, એસીઈ(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૩ લાખ | મેથો. | કુંવારા |
| ૬૩૧ | ૧૨ પાસ | ૩-૯-૮૧ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૨ | ૯ પાસ | ૧૬-૮-૭૯ | ૬૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૬૩૩ | બી.એ. | ૧૬-૮-૭૯ | ૧૫૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૬૩૪ | બીકોમ.પીજીડીસીએ | ૧-૭-૮૭ | ૭૨૫૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૫ | બી.એડ. | ૩-૯-૮૪ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૬ | એમ.એ. બી.એડ. | ૨-૯-૮૧ | ૮૭૫૦ | સા.આર્મી. | કુંવારા |
| ૬૩૭ | બીકોમ. | ૬-૮-૮૫ | ૧૩૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૬૩૮ | પીટીસી.એમએ વીથ ઈગ્લીસ. | ૧૨-૫-૮૬ | ૫૩૦૦ | મેથો. | કુંવારા |
| ૨૨૩ | બીએ. | ૧૮-૭-૭૫ | ૧૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૨૪ | ૧૨ પાસ | ૩-૧૧-૭૮ | ૧૦૮૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૨૫ | ૮ પાસ | ૧૫-૭-૩૭ | ૧૪૮૦૦ | મેથો. | વિધુર |
| ૨૨૬ | બીકોમ.એમબીએ,ડીપ્લો.બિઝનેસ મેને.(ઓસ્ટ્રે.) | ૨૩-૫-૮૧ | - | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૨૭ | ૧૨ પાસ,હોટલ મેનેજમેન્ટ કોર્ષ | ૧૭-૪-૮૨ | ૧૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૨૮ | ૧૨ પાસ. ઈકોનોમીક. | ૨૨-૭-૬૮ | ૧૨૦૦૦ | આઈ.પી. | છુટાછેડા |
| ૨૨૯ | ૧૨ પાસ | ૧૬-૮-૭૯ | ૬૦૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૦) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨૨ | બીએસસી.ફીઝીક્સ.એમએ(જર્ના)એમબીએ(ચાલુ) | ૩૧-૩-૮૨ | - | આર.સી. | કુંવારા |
| ૩૨૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૦-૧૨-૮૭ | ૧૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૨૪ | જીએનએમ ૩૧/૨ નડીયાદ મેથોડીસ્ટ | ૧૬-૩-૯૭ | ૯૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૫ | ૧૨ સાયન્સ.બીસીએ,એમએચઆરએમ. | ૧૭-૧૨-૮૭ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૬ | ડોકટર, ઈન આરોમા થેરાપી. | ૪-૮-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૨૭ | જીએનએમ.બીએસસી રનીંગ | ૨૦-૧-૮૫ | ૧૪૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૨૮ | બીએસસી.ઈસી.ડીપ્લો.બીટેક,એમએસ.હાર્ડનેટ | ૧૯-૧૧-૮૬ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૯ | બીસીએ.એમઈબી,માસ્ટર ઈન ફાઈનાન્સ એન્ડ ઈનવેસ્ટમેન્ટ બેકીંગ લંડન,એચઆરએમ લંડન | ૧૮-૧૧-૮૨ | ૩૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૩૦ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૨-૯૦ | ૮૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૫-૨-૮૭ | ૧૨૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૧૭ | બીસીએ.ઓસીપી | ૧-૧૦-૮૧ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૧૪ | પીટીસી,બીએ,બીએડ.બી.ડાન્સ.એમએ ચાલું | ૧-૧૦-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૫ | બી.એ. | ૪-૧૧-૮૯ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૬ | ૯ પાસ | ૩-૧૧-૮૬ | ૬૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૧૮ | એમએ,બીએડ.(ઈગ્લીસ) | ૫-૬-૮૫ | ૯૪૪૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૯ | બીએ બીએડ. | ૬-૩-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૦ | પીટીસી.બીએસસી.બીએડ | ૫-૬-૮૭ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૧ | એમએ.બીએડ. | ૬-૧૦-૭૯ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૨૨ | ૧૦ પાસ | ૧૫-૬-૮૦ | ૩૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૨૩ | એમએસસી.રીટેલશોપ મેનેજ.કોર્ષ,એમબીએ ચાલુ | ૧૪-૪-૭૮ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૧૬ | બીકોમ.ઈગ્લીંસ મીડી.એમબીએ ફાયનાન્સ. | ૧૩-૯-૮૬ | ૩૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૩૨ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૧૦-૪-૮૪ | ૧૩૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૩૮ | પીટીસી.બીએ. | -૫-૫-૭૭ | ૩૦૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૩૯ | એમ.કોમ.ટેલ.ઈઆરપી.૯ | ૧-૫-૭૬ | ૮૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,**
**નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# બાળકને સામાજિક કેવી રીતે બનાવશો ?

થોડા સમય પુર્વે અમદાવાદમાં એક શાળામાં કેટલાક શિક્ષકો ચર્ચા કરવા એકઠા મળ્યા હતા.ચર્ચાનો વિષય હતો બાળકોમાં ઘટતા જતા મુલ્યોના સિંચન માટે શાળા અને ઘર શુ કરી શકે ?જેમાં આજનું બાળક સામાજિક ઓછું અને સ્વાર્થી વધુ જોવા મળે છે. એવો એક સુર નીકળ્યો હતો.તે માટે ચર્ચા થઇ જેમાં શિક્ષકોનું માનવું હતું કે , કેટલાંક બાળકો ખુબજ સામાજિક હોય છે.જ્યારે કેટલાંક બાળકોમાં સામાજિકતા જેવું સહકારની ભાવના જેવું કશુંય દેખાતું જ નથી.એકલા અટુલા બેઠેલા બાળકો કે કોઇને મદદ કરવાની વાત કરીએ ત્યારે તેમના મોઢા પરના નકારાત્મક ભાવ જોઇને દુઃખ થાય છે. ત્યારે બાળકને સામાજિક બનાવવા માટેના કેટલાક ઉપાયો આ શિક્ષકોએ આપ્યા હતા.

સામાજિકતાનો અર્થ આપતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે પારસ્પરિક સહકારની ભાવના એટલે સામાજિકતા. પોતાની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સમાજ માટે કરવો એટલે સામાજિકતા. ધ્યેય કે કાર્ય સફળતાપુર્વક પુર્ણ થાય તે માટેની જરુરી મદદ. સમાજના મુલ્યોનું જતન કરીને સમાજોપયોગી બનાવાની ભાવના.

બાળક શાળામાં અને ઘરમાં કેવા વર્તન કરે તો આપણે તેને સામાજિક કહીશું ? પોતાના સહાધ્યાયીઓને મદદ કરતો હોય, અભ્યાસમાં કે અન્ય બાબતે નબળા વિદ્યાર્થીને મદદ કરતો હોય,જુથકાર્ય દરમિયાના મદદરુપ થતો હોય,જુથમાં કે પ્રવાસ પર્યટન,પ્રાર્થના સંમેલન કે શ્રમકાર્ય દરમિયાન એકબીજાની સાથે હળીમળીને રહેવાની કામ કરવાન ભાવના હોય. શાળા રિસેસ દરમિયાન સમુહમાં નાસ્તો કરે. મિત્રોમાં વધુ પ્રિય હોય, ઘરમાં વાલી અને ભાઇ બહેનને મદદરુપ બનોત હોય,મહેમાનોને આવકાર આપે,યોગ્ય રીતે વાતચીત કરે. ઘરમાં કોઇ બિમાર હોય ત્યારે તેની ભુમિકા અદા કરે.સમાજમાં યોજાતા કાર્યક્રમોમાં ભાગ લે. જાહેરમાં સામાજિક કાર્ય કરવા શરમ સંકોચ ન અનુભવે. પડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવા શરમ સંકોચ ન અનુભવે. પાડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવાની વૃત્તિ હોય. બીમાર પશુ-પંખીને મદદરુપ થાય.કુદરતી આપત્તિ સમયે પોતાની ભુમિકા અદા કરે.જેમકે ફાળો એકત્ર કરવો, કપડાં કે જરુરી ચીજવસ્તુ એકત્ર કરવા શારીરીક મદદ કરવી વિગેરે.

શાળા કે ઘરમાં ચોક્કસ પ્રકારના સુત્રો વારંવાર બોલવામાં આવે કે બાળક વાંચી શકે તેમ લખવામાં આવે તો પણ બાળક સામાજિક બનશે. કેમકે જગ સુખી તો હું સુખી. વિના સહકાર, નહી ઉધ્ધાર, ઝાઝા હાથ રળિયામણા. પહેલા ફરજ,પછી હક્ક. સહકાર સૌને ગમે. હું હંમશા બીજાને મદદ કરતો રહીને મારા જન્મને સાર્થક બનાવીશ. બાળકને સામાજિક બનાવવા તેની સમક્ષ કેટલાંક ઉદાહરણો પણ વારંવાર રજુ કરવા જોઇએ કે જેમાં તે પ્રેરણા લે. જેમકે ગાંધીજી,સરદાર વલ્લભભાઇ પટેલ,રાજા રામમોહનરાય, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ વગેરેના જીવનના અનેક પ્રસંગો છે.ઉપરાંત આપણી આસપાસના વિસ્તારમાં અને ક સામાજિક સેવાકાર્ય કરતી સંસ્થાઓ છે.તેના ઉદાહરણ આપી શકાય તેમજ તેની મુલાકાત પણ લઇ શકાય. આપણા પરિચિતો દ્વારા કોઇ સામાજિક સારુ કાર્ય થયુ હોય તો તેમાં તેના ઉદાહરણોની મોટી અસર થશે.

બાળકને સામાજિક બનાવવા માટે શાળા માં અનેક પ્રવૃત્તિઓ કરી શકાય.જેમકે શાળામાં સમાજ સેવા સમિતિ બનાવવી. જે સામાજિક કાર્યો વિદ્યાર્થીની મદદથી જ કરે.આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્રીત કરવું. જરુરીયાતમંદ બાળકોને પુસ્તકો, ગણવેશ મળી રહે તેવા પ્રયત્નો કરવ. શાળામાં સામાજિક કાર્યકરોને આમંત્રણ આપવું.કુદરતી આપત્તિ સમયે જરુરી મદદરુપ થવા શક્ય હોય તો વિદ્યાર્થીને સાથે રાખીને જવું.સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીનું જાહેરમાં સન્માન કરવું. શિક્ષકે પોતાના અધ્યાપન દરમિયાના સામાજિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓના યથાયોગ્ય ઉદાહરણો આપવા. શિક્ષકે પણ અવારનવાર સામાજિક કાર્યક્રમોમાં જોડાવું અને શાળામાં તેનો ઉલ્લેખ કરવો. વાલી સાથે પુરા આદરથી વાતચીત કરવી અને શક્ય મદદ કરવી.બાળકને સામાજિક બનાવવા માટે વાલીનો સહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા.શાળામાં વિદ્યાર્થીઓને એકબીજાની વધુ નજીક આવે, એકબીજાને મદદરુપ થાય તેવા સામુહિક કાર્યક્રમો ગોઠવવા. શિક્ષકોએ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં ઉદાહરણ બેસાડવા.

શાળા અને શિક્ષકના પ્રયત્નો ત્યાં સુધી અધુરા રહેશે જ્યાં સુધી વાલીનો સહકાર નહી મળે.માટે જ વાલીઓ પણ બાળકને સામાજિક બનાવવાના કેટલાક કાર્યો ઇરાદાપુર્વક કરવા પડશે. જેમકે ઘરમાં દરેક સભ્ય એકબીજા સાથે યોગ્ય વર્તન કરે અને પોતાની લાગણી પ્રદર્શિત કરે તે માટેના પ્રયત્નો કરે.ઘર કે પડોશમાં જ્યારે પણ અન્યને મદદરુપ થઇ શકાય તેમ હોય ત્યારે તે કામ અવશ્ય કરવું જ. પાડોશી અને સગાં સાથે યોગ્ય નમ્રતાપુર્ણ વ્યવહાર કરવો અને જરુર પડે ત્યારે દોડી જવું.પોતાનું બાળક સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન આપવું અને બાળક જ્યારે સામાજિક કાર્ય કરે ત્યારે તેના વખાણ કરવા, અન્ય વ્યક્તિની હાજરીમાં પણ વખાણ કરવા.આપણી આસપાસ આવેલી સામાજિક સંસ્થાની મુલાકાત બાળકને સાથે રાખીને લેવી.સમાજમાં જરુર પડે ત્યારે મદદ માટે જવું શક્ય હોય તો બાળકને સાથે રાખવો અથા સમગ્ર કાર્યની વાત કરવી.આપણા પરિચિતોને ત્યાં આવતાં પ્રસંગોમાં જરુરી મદદ કરવી અને બાળકને પણ તેની ઉંમર પ્રમાણેના કામ સોપવા. સ્વાર્થ અને સહકારમાં ક્યાં નુકશાન અને ક્યાં ફાયદો છે તે સમજાવવું. જીવનમાં આગળ વધવા અને વધારવા સહકાર એક અગત્યનું પરિબળ બની શકે તે સમજાવવું. ઘરમાં બાળકને સામાજિક કાર્યો કરવાનો સમય મળી રહે તેવું આયોજન કરવું.

શાળાએ પણ વાલીને અવારનવાર શાળામાં બોલાવીને વાલી મીટીંગ કરવી.જેમાં તેમના બાળકના સર્વાંગી વિકાસ માટે કેવા પ્રયત્નો શાળા કરી રહી છે તે જણાવવું અને સાથે તેમનો સહકાર માંગવો.ઉપરાંત શાળાને મદદરુપ થઇ શકે તેવા વાલીઓનો સહકાર અવશ્ય લેવો.તેમજ તેમને અવારનવાર જાહેરમાં બિરદાવવા. કોઇ વાલીએ સામાજિક ઉત્કૃષ્ટ કામ કર્યુ હોય તો તેની જાણ શાળાના તમામ વાલીને થાય તેવા પ્રયત્નો કરવા. જેની નોંધ અન્ય વાલી લેશે અને તેમને પ્રેરણા મળશે.ટુંકમાં આજના બાળકમાં સામાજિકતા ઘટતી જાય છે તે ચિંતાનો વિષય છે.જે શાળા-શિક્ષક,વાલી અને સમાજે જાગૃત બનીને પ્રયત્નો કરવા પડશે. ઘર કે શાળા કે સમાજમાં એવા કાર્યો અને વિચારોનો પ્રસાર થવો જોઇએ કેજેમાંથી બાળક પ્રેરણા લઇને સામાજિક બને.આજે તો એવાં કેટલાંય ઘર જોવા મળે છે કે જ્યાં વાલી નોકરી ધંધે ગયા હોય ત્યારે બાળકને ઘરમાં લોક મારીને પુરીને જાય છે.આવુ બાળક કેવી રીતે સામાજિક બની શકે ?એવા પણ કુટુંબો છે જ્યાં બાળકને ઘર બહાર નિકળવાની પરવાનગી ભાગ્યે જ મળતી હોય છે. આવા બાળકને સામાજીકતા એટલેશું તેનો ખ્યાલ ક્યાંથી હોય?

લેખક : ડો. અશોક પટેલ
(સૌ.સંદેશ)

# આપણે સંસારને વિવેકથી સારો બનાવીએ

આ સંસાર નકામો છે, એવુ અંતિમ કક્ષાનુ માનવુ એ ભુલભરેલુ છે.કાપડમાં કોઇ ડાઘો પડ્યો હોય,કોઇ વાસણ ગંદુ થઇ ગયું હોય, તો આપણે એને સાફ કરીએ છીએ,સ્વચ્છ બનાવીએ છીએ, એવીજ રીતે આ સંસારની બુરાઇઓને આપણે ભલાઇથી ધોવાનો પ્રયત્ન કરતાં રહેવુ જોઇએ.સારી રીતે વિચારવાથી આ સંસારનુ રૂપ કે સ્વભાવ સમજમાં આવતો જાય છે.પરંતુ ધીરજ અને વિવેકથી તેને સારો બનાવવો જોઇએ.આ સંસાર એ ઇશ્વરનુ મહાન સર્જન છે.પરમાત્મા સર્વત્ર છે.એની હયાતિ વિના કશુંજ શક્ય નથી.આ સંસારમાં દિલ લગાવવાની મજા છે અને સજા પણ છે.આ દુનિયામાં સ્વપ્નોના આધારે જીવવુ આસાન નથી.આ આખી દુનીયા સ્વાર્થી છે. અંહી નિષ્ઠાનુ કોઇ જ ચલણ નથી.આ સંસાર એક મેળો છે. પરમાત્મા માટે સંસારને છોડવો પડે તો આપત્તિ નથી. પરંતુ સંસાર માટે પરમાત્મા ક્યારેય છુટવો જોઇએ નહી.જો માણસ આટલો જ નિર્ણય કરી લે તો પછી સંસાર છોડવાની જરૂર નથી.સંસાર અને ઇશ્વર એકબીજામાં ઓતપ્રોત છે. એને અલગ કેવી રીતે કરી શકાય ?સવાલ છે માત્ર આપણી સમજનો. આ સંસાર તો એકજ કાફલામાં ચાલ્યા કરે છે. આપણે બધા જ એમાં ચાલનારા મુસાફર છીએ.ચાલતા ચાલતા થાકી જઇએ તો ત્યાં રોકાઇ જવાનુ છે., બીજા આગળ વધતા જશે.સંસારનો માર્ગ કોઇના વિના સુનો પડવાનો નથી.

સંતોષ જ સુખની નિશાની છે.આ સંસારમાંથી સંતોષ નામના શબ્દે દેશવટો લીધો છે.સ્વાર્થ નામનો શબ્દ સૌના પર રાજ કરે છે.તેથી માણસજાત સતત હાયવલુરા કરતો રહે છે.જેને કારણે એને સુખ અને શાંતિ મળતાં નથી.માણસ જો સમજી જાય કે આ સંસાર એક સ્વપ્ન છે.એમાં રચ્યાપચ્યા રહેવાથી કશુંજ પ્રાપ્ત થઇ શકતું નથી, તો સંસારમાંથી ઉફરો માર્ગ ગ્રહણ કરી શકાય ખરો.સંસારમાં ઇશ્વર જ આપણો સાચો સાથી છે. એ સિવાયના સબંધો માત્ર સ્વાર્થ પુરતા છે. બીજી રીત જોઇએ તો આ સંસાર એક યુધ્ધનુ ક્ષેત્ર છે. એમાં લડવા સિવાય છુટકો નથી.જે આવે છે તેને આવવા દો. આપણે તો તેનો સામનો કરીને જીતવાનુ છે. પાછુ હઠવાનુ નથી.આ સંસારની જાળ એવી છે કે એમાં ફસાયા પછી બહાર નીકળવુ તકલીફ આપનારુ છે

( સોજન્ય : સંદેશ )
-ડો.કિશોરસિંહ સોલંકી)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્વળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫ ૯૪૨૩૩૩૨૩૯૬

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

# ૨૧મી સદીની આર્યન લેડી એન્જેલાને ઇન્ડીયાનો એવોર્ડ

વિશ્વની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલનું નામ નંબર વન પર છે.આ એન્જેલા મર્કલને આપણા દેશે ૨૦૧૩નો ઇન્દીરા ગાંધી પ્રાઇઝ ફોર પીસથી નવાજ્યા.ગુજરાતી ભાષામાં શક્તિશાળી મહિલા વિશે બોલવામાં આવે છે કે સો ભાયડા ભાંગીને ભગવાને ઘડી છે.એન્જેલા મર્કેલ વિશે પણ એવુ જ કહેવાય છે.કુદરતે એને સો નેતાઓ સમકક્ષ શક્તિ આપી છે.વાત વિકાસની હોય કે શાંતિની, એન્જેલા મર્કેલે જે સ્ટેન્ડ લીધુ હોય એ વ્યાજબી ઠર્યું છે. ખોટી વાત હોય તો રોકડું પરખાવી દેનાર આ મહિલા સામે અમેરિકા પણ સીધુ ચાલે છે.આખા યુરોપમાં અમેરિકાની આણ છે.પણ એન્જેલા કે એનું જર્મની ક્યારે અમેરિકાની શેહશરમાં આવ્યા નથી.

૫૯ વર્ષના એન્જેલા ૨૦૦૫થી જર્મનીની ધુંરા સંભાળે છે.જ્યારથી તેમણે સત્તા સંભાળી છે ત્યારથી ભારત અને જર્મનીના સબંધો ગાઢ બન્યા છે.બે વખત તેમણે ભારતની મુલાકાતલીધી છે.છેલ્લે ૨૦૧૧માં ભારતના પ્રવાસ વખતે દરેક ક્ષેત્રે ભારતની પડખે ઉભા રહેવાની તેમણે ખાત્રી આપી હતી.સત્તા પર બિરાજ્યા પછી એક જ વર્ષમાં એટલે કે ૨૦૦૬માં તેમણે ઇન્ડો જર્મન સ્ટેટેજિક પાર્ટનરશીપ શરુ કરી હતી.એવું નથી કે એન્જેલા માત્ર ઇન્ડીયા માટે જ સારા છે. મુદ્દો સાચો હોય તો તે વિરોધી વિચારસરણી ધરાવનારા સાથે રહેવામાં પણ કોઇ ખચકાટ અનુભવતા નથી.અર્થતંત્રને ટકાવવા માટે એની પાસે પોતાની પોલીસીઝ છે.મંદીના સમયમાં આખુ યુરોપ જબરુ ફસાયું હતું ત્યારે જર્મનીને કોઇ ખાસ પ્રોબ્લેમ નડ્યો નહી તેનુ એકમાત્ર કારણ એન્જેલાન આર્થિક નીતીઓ રહી હતી.યુરો ક્રાઇસીસના પગલે ગ્રીસે દેવાળું કાઢ્યું હતું.યુરોપના બીજા દેશો પણ પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે મથતા હતા. ત્યારે યુરો કરન્સીને સૌથી મોટો સહારો જર્મનીનો રહ્યો હતો.આજે પણ સ્થિતિ તો એવી જ છે.

ભારત તરફથી તેને આ કંઇ પહેલો અવોર્ડ નથી. ૨૦૦૯માં પણ ભારત સરકાર તરફથી તેમને જવાહરલાલ નહેરુ એવોર્ડ ફોર ઇન્ટરનેશનલ અંડરસ્ટેન્ડીંગ એનાયત કરવામાં આવ્યો હતો.ભારત માટે જો કંઇ યાદગાર હોય તો એ ઇન્ડો જર્મન સંયુકત કેબિનેટનું આયોજન છે.ભારત સમગ્ર એશીયામાં એક માત્ર એવો દેશ છે જેણે જર્મની સાથે સંયુક્ત કેબીનેટ યોજી હોય અને બંને દેશના વિકાસ માટે પ્રયાસો હાથ ધર્યા હોય.

પોતે જે ધાર્યુ હોય તે કરવામાં એન્જેલા કેટલા મક્કમ છે. એનું ઉદાહરણ દલાઇ લામા સાથે તેમની મુલાકાત છે. ૨૦૦૭ની આ વાત છે.એન્જેલા મર્કલે દલાઇલામાને મળવાનું નક્કી કર્યુ. આ વાતથી ચીનના પેટમાં તેલ રેડાયું. ચીને સરાસર જાહેર એન્જેલાની આ મુલાકાતનો વિરોધ કર્યો .આ વખતે તેમણે સ્પષ્ટ રીત કહી દીધું કે દલાઇ લામા સાથે મારી મુલાકાત અનૌપચારિક છે.તેઓ એક ધર્મના વડા છે અને જ્ઞાની વ્યક્તિ છે.દલાઇ લામાને તેઓ મળ્યા અને આડકતરો મેસેજ પણ આપી દીધો કે તેઓ શાંતિમાં માને છે અને હંમેશા સાચાની પડખે રહે છે.

આખી દુનીયામાં જર્મનોની છાપ બળુકા લોકોની છે.જર્મનીના ડીકટેટર હિટલરની વાતો બહુ જાણીતી છે.જર્મનીએ પોતાની ઇમેજ બનાવવા બહુ મહેનત કરી છે.જો કે એન્જેલા મર્કલના શાસન દરમિયાના જર્મનનીની છાપ અને શાખ બેઉ વધ્યા છે.પોતાના દેશમાં પણ એ ખુબજ લોકપ્રિય છે.જર્મનીમાં સળંગ ત્રણ વખત જીત મેળવીને હેટ્રીક સર્જનાર એન્જેલાની લોકો લંડનના માર્ગારેટ થેચર અને આપણા દેશના ઇન્દીરા ગાંધી સાથે સરખામણી કરતાં આવ્યા છે.

એન્જેલા મર્કલ હમણાં અમેરિકાની સામે આવી ગયા.અમેરિકા એન્જેલા ની જાસુસી કરતા હોવાનું બહાર આવ્યુ. આખી દુનિયામાં પ્રાઇવસી અને માનવ અધિકારના ડંકા વગાડતું અમેરિકા પોતેજ બીજા દેશોના વડાની જાસુસી કરે છે તે વાત એન્જેલાએ ગાઇ વગાડીને જાહેર કરી હતી.બ્રિટનના અખબાર ગાર્ડીયનમાં એવા અહેવાલ પ્રસિધ્ધ થયા કે અમેરિકા વિશ્વના ૩૫ શક્તિસાળી નેતાઓની જાસુસી કરે છે.એના ફોન ટેપ કરે છે. ઇન્ટરનેટ વ્યવહારો પર નજર રાખે છે.અને સતત અમેરિકાની વોચમાં હોય છે.યુરોપીયન શિખર સંમેલન વખતે એન્જેલાએ ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે મિત્રોની જાસુસી ન કરવી જોઇએ.સબંધોમાં વિશ્વાસ જ મહત્વનો છે અને આવી ઘટનાઓ ઘણી વખત અવિશ્વાસનું સર્જન કરે છે.

જ્યારે એવી વાત બહાર આવી કે અમેરિકા જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કલ અને બ્રાઝિલના રાષ્ટપતિ ડેલ્મા રોસેફની સત્તાવાર મંત્રણાઓ પર વોચ રાખે છે ત્યારે હોબાળો મચી ગયો હતો.મર્કેલ અને ડેલ્માએ સાથે મળીને યુનાઇટેડ નેશન્સમાં આ મુદ્દે ફરિયાદ કરી હતી. અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ મર્કલને ફોર કરીને જાસુસી નહી થાય તેવી ખાતરી આપી હતી. આ ઘટનાની સાથોસાથ બીજી તરફ એન્જેલાના વખાણ એ રીતે થતા હતા કે એ એટલી શક્તિશાળી નેતા છે કે અમેરિકાએ તેના પર નજર રાખવી પડે છે. કોઇ તેમને ઇગ્નોર કરી શકે તેમ નથી.૧૯૮૯ની ક્રાંતિ તેમને રાજકારણમાં લાવવા કારણભુત બની હતી.પહેલાં કેમિસ્ટ, પછી રિસર્ચ સાયન્ટિસ્ટ તરીકે ફરજ બજાવનાર એન્જેલા રાજકારણમાં પ્રવેશ યોગાનુયોગ હતો.પણ રાજકારણમાં સક્રિય થયા પછી તેમણે સમગ્ર વિશ્વના દેશો,વિચારસરણઓ અને પોલીસીઓનો અભ્યાસ કર્યો અને પોતાના દેશને કેવી પોલીસી અનુકુળ આવે તેમ છે એ વિચારને કામ શરુ કર્યું,અને સફળતા મેળવી. પર્યાવરણ ક્ષેત્રે પણ તેના પ્રદાનની નોંધ આખી દુનિયાએ લીધી છે.

ઇન્દીરા ગાંધી પ્રાઇઝ માટે કદાચ એન્જેલા મર્કલ કરતાં સારી પસંદગી બીજી કોઇ જન હોત,આ પગલાંથી બંને દેશો વધુ નજીક આવશે એવું કહેવું એટલા માટે બરાબર નથી કારણકે એન્જેલાના નેતૃત્વ પછી બંને દેશો ઓલરેડી નજીક છે.

કૃષ્ણકાંત ઉનડકટ (સૌ.સંદેશ)

# સંયોગ અને મહેનત ભેગા મળે તો પરિણામ આપે

માણસના જીવનમાં ત્રણ બાબતો એવી છે કે જેના પર એનો કાબુ હોતો નથી.એક તો એને ક્યાં જન્મવુ તે,એને ક્યાં પરણવુ અને ક્યાં મરવુ તે. મારે કોના ત્યાં જન્મ લેવાનો છે, એ જો મારા હાથમાં હોય તો ? કોઇ દુઃખી થાય ? જન્મ,મરણ અને પરણ - આ ત્રણ બાબતોથી માણસ પર રહે છે.જેનો જ્યાં સંયોગ થાય. ત્યાં એનુ ઠેકાણુ થતુ હોય છે.ગામડાંનો અભણ માણસ પર કહેતો હોય છે, ભાઇ, જેવો જેનો જોગ-સંજોગ. આપણે ધારીએ એવુ જો થતું હોત તો આ પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતર્યુ હોત. અત્યારે દુષ્કાળની વિકરાળતા આપણી સામે ઉભી છે તો ધારી લો, મુશળધાર વરસાદ પડે.આપણે કહીએ છીએ કે માણસના સંયોગ અન મેહનત એ બંને ભેગા મળે તો અણધાર્યુ પરિણામ મળી શકે છે.ગામડાંમાં તો કહેવાય છે કે ભાઇ,વાયરા વાય એ પ્રમાણે ઉપણાય.વિરુધ્ધ દિશાનો પવન હોય તો એનુ પરિણામ ક્યાંથી આવે ?જેણે પોતાને મળેલા સંયોગન લાભ લીધો છે, તેઓએ પ્રગતિ કરી છે, જે આળસમાં જ રહ્યા છે, એમણે અધોગતિ કરી છે,તકન લાભ લો. જે તક આજે મળી છે. તે આવતી કાલે આપણા હાથમાં રહેવાની નથી.જે સંયોગ ઉભો થયો, એને ઝડપથી પકડી લો. સંયોગ જ માણસનુ કિસ્મત બદલતા હોય છે.ગુજરાતીમાં કહેવત છે કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા જઇએ તો એ આપણી રાહ ના જુએ.જ્યારે જયારે જેવો સંયોગ ઉભો થાય ત્યારે એ રીતે જ એની સામે લડવું જોઇએ. સંયોગ સારા જ હોય એવુંય નથી. પણ લાલ બહાદુર શાસ્ત્રીએ કહ્યુ હતુ કે જે આવે એને આવવા દો, આપણે પહોચી વળીશુ.સંઘર્ષનો સંયોગ ઉભો થાય પછી મોં સંતાડીને જતા રહીએ તો ના ચાલે. ગામડાંમાં કહેવાય છે. કે જેવા પડશે એવા દેવાશે. સંયોગને સાચવો, સંયોગ તમને સાચવશે.

સંયોગ એટલે જોડાવુ, કે ભેગા થવુ, સબંધ, સમાગમ, મિશ્રણ, મેળવણી, સંજોગ પરિસ્થીતિ એવા અર્થ થાય છે. જ્યારે સંયોગ સારો હોય ત્યારે ઉંધા પાસા પણ સીધી પડતાં હોય છે.જો સંયોગ સારો નથી તો માણસ ગમે તે કરે,પણ બધુ અવળુ જ થતું હોય છે. જો અનુકુળ સંજોગ ના હોય તો ઉત્તમ કાર્ય પણ ટકી રહેતુ નથી. બુધ્ધિમાન પુરુષ ગ્રહોની ગતિ,સ્વપ્ન,અપશુકન તથા દિવ્ય ઉત્પાતથી ભયભીત થતા નથી. ગ્રહોની ગતિ કરતાં આપણી ગતિ કેવી છે ?એના પર બધો મદાર હોય છ.

જીવન તો પાણીનો રેંટ છે. એમાંથી પાણી સતત ભર-ઢોળ થયા કરતુ રહે છે.એવીજ રીતે માણસના સંયોગનુ પણ છે.મળવુ અને જુદા પડવુ એ કુદરતી ક્રમ છે.તેથી મળવાનો અતિરેક અને જુદા પડવાનુ દુઃખ થવુ ન જોઇએ.સંયોગ અને વિયોગ તો એક સિક્કાની બે બાજુ છે.સંયોગ કાયમી હોઇ ન શકે, વિયોગ પણ. જે નક્કી




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ શ્રી હેલ્ફર્સ એલેન્દી, વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઇલાલભાઇ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ શ્રી પાઉલભાઇ એ. પરમાર, ૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

***નીલા સી.ગામડીયા***

**'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨**


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.